## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલના શ્રી સિદ્ધનાથ મહાદેવ મંદિરના જીર્ણોદ્ધારની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી કરાઇ



**કાલોલ :** રવિવારે કાલોલના શ્રી સિદ્ધનાથ મહાદેવ મંદિરના ભવ્ય જીર્ણોદ્ધારનું પ્રથમ વર્ષ પૂર્ણ થવાના પાવન પ્રસંગે મંદિરમાં સમગ્ર દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક અને આધ્યાત્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.દિવસ દરમિયાન મંદિર પરિસરમાં વેદોક્ત મંત્રોચ્ચાર સાથે શાસ્ત્રોક્ત વિધિથી રુદ્રાભિષેક કરવામાં આવ્યો હતો, જેનાથી સમગ્ર વાતાવરણ શિવમય અને ભક્તિમય બની ગયું હતું. સાંજના સમયે ભવ્ય ભજન સંધ્યાનું આયોજન થયું હતું, જેમાં શિવભક્તો ભક્તિરસમાં લીન બન્યા હતા.

### નિપુણ ગુજરાત અંતર્ગત કાલોલની બાકરોલ પ્રાથમિક શાળામાં માતૃ બેઠક યોજાઈ



**કાલોલ :** નિપુણ ગુજરાત અંતર્ગત" મારું બાળક નિપુણ બાળક"ના હેતુથી કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળામાં માતા જૂથની રચના કરવામાં આવેલ છે જે અંતર્ગત તા-૨૨/૦૮/૨૦૨૬ના રોજ શાળામાં માતૃ બેઠકનું આયોજન કરવામાં આવ્યું. શાળાના આચાર્ય દિનેશભાઇ પ્રજાપતિ તેમજ શિક્ષકો દ્વારા માતૃ બેઠકમાં બાળકોની શૈક્ષણિક પ્રગતિ પર ચર્ચા, ઘરે અભ્યાસ માટે અનુકૂળ વાતાવરણ, સ્વચ્છ આરોગ્ય અને પોષણ અંગે માર્ગદર્શન, બાળકોમાં સારા સંસ્કાર અને મૂલ્યોનો વિકાસ તેમજ વાલી-શિક્ષકના સહયોગથી વિદ્યાર્થીઓને નિપુણ બનાવવા માટે વિદ્યાર્થીઓના માતાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું.

### સ્વામિનારાયણ મંદિર ગોધરા ખાતે શ્રાવણમાસ પારાયણની પૂર્ણાહુતિમાં મહાઆરતી યોજાઈ



**ગોધરા :** ગોધરા SMVS સ્વામિનારાયણ મંદિર ખાતે પવિત્ર શ્રાવણમાસ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે ભક્તિમય કાર્યક્રમ યોજાયો હતો.શહેરના દાહોદ રોડ, વાવડી ખાતે આવેલ SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર ગોધરા ખાતે પવિત્ર શ્રાવણમાસ નિમિત્તે આયોજિત શ્રાવણમાસ પારાયણના પાંચમા અને પૂર્ણાહુતિના દિવસે ભક્તિમય અને આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે વિશેષ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં મોટી સંખ્યામાં હરિભક્તો, સત્સંગીઓ તેમજ કુટુંબ-મિત્રવર્તુળ સાથે ઉપસ્થિત રહી સંતોના કથાવાર્તા અને આધ્યાત્મિક પ્રવચનનો લાભ લીધો હતો.

### છોટાઉદેપુર જિલ્લાનું ગૌરવ: શિફા હુસેનશબ્બીર મફત બની સફળ પાઇલોટ



**છોટાઉદેપુર :** છોટાઉદેપુરની ધરતી પર અનેક પ્રતિભાઓએ પોતાની મહેનત અને કૌશલ્યથી નવી ઓળખ ઉભી કરી છે. આવી જ એક પ્રેરણાદાયી કહાની છે શિફા હુસેનશબ્બીર મફતની, જેમણે શિક્ષણ, સંઘર્ષ અને સતત મહેનતના બળે પાઈલટ બનવાનું પોતાનું સપનું સાકાર કર્યું છે. શિફાએ પોતાના શાળાકીય શિક્ષણની શરૂઆત છોટા ઉદેપુરથી કરી હતી. ત્યારબાદ તેઓ ઉચ્ચ શિક્ષણ માટે UAE ગયા, જ્યાં તેમણે હાઈસ્કૂલમાં વિજ્ઞાન પ્રવાહ સાથે 10+2નું શિક્ષણ પૂર્ણ કર્યું. નાનપણથી જ આકાશમાં ઉડાન ભરવાનું સપનું ધરાવતી શિફાએ પોતાના લક્ષ્યને સાકાર કરવા માટે એવિએશન ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનો નિર્ણય લીધો અને સફળ રહી.

### સુખસરના બલૈયા ખાતે શ્રાવણ માસમાં મહિલા કાવડ યાત્રા યોજવામાં આવી



**સુખસર :** સુખસર તાલુકાના બલૈયા ખાતે આસ્થા ભક્તિ અને સેવાના સંગમ સમાન 23 ઓગસ્ટ ના રોજ મહિલા કાવડયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં150 જેટલા કાવડ યાત્રિકોએ ભાગ લીધો હતો.જ્યારે સુખસર તાલુકાના ભોજેલા પાતાળેશ્વર મહાદેવ મંદિર થી લઈ બલૈયા મહાદેવ મંદિરે અભિષેક કરવામાં આવ્યો હતો.અને આ કાવડ યાત્રા ઉત્સાહ અને શ્રદ્ધાભેર કાઢવામાં આવી હતી.હર હર મહાદેવ અને બોલબમના ગુંજતા નારા સાથે સમગ્ર બલૈયા નગર શિવમય બની ગયું હતું.જ્યારે ડીજેના તાલ સાથે આ કાવડયાત્રા બલૈયા મહાદેવ મંદિરે શિવ ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મહાદેવની કૃપા મેળવી ધન્યતા અનુભવી હતી.

---

**અકસ્માત સર્જીને નાસી છૂટેલા વાહન ચાલકને ઝડપી લેવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા**

# હાલોલ-વડોદરા હાઈવે પર અજાણ્યા વાહનની ટક્કરે યુવકનુ કરૂણ મોત

ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળેટોળાં હાઈવે પર એકઠા થઈ ગયા હતા

(પ્રતિનિધી) હાલોલ, તા.23

હાલોલ-વડોદરા હાઈવે પર ગત શનિવારના રોજ મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. હાઈવે પર આવેલી અક્ષટેલ કંપની નજીક એક અજાણ્યા વાહને એક યુવકને અડફેટે લેતા યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે યુવકનું સ્થળ પર જ પ્રાણપંખેરૂ ઊડી ગયું



હતું. અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો વાહનચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળેટોળાં હાઈવે પર એકઠા થઈ ગયા હતા. બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા જ પોલીસ કાફલો તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પરિસ્થિતિ સંભાળીને આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસે મૃતકના પરિવારજનોની શોધખોળ આદરી છે અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. હાલમાં પોલીસે અકસ્માત સર્જીને નાસી છૂટેલા અજાણ્યા વાહન અને તેના ચાલકને પકડી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.અને મૃતકના પરિવાજનો ની શોધખોળ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.

---

**કાલોલના ઘુસર ગામે પોલીસની કાર્યવાહી**

# ગેરકાયદે રેતી ખનન કરનાર વિક્રમ ભરવાડ ૨ વર્ષ માટે તડીપાર

(પ્રતિનિધી) કાલોલ, તા.23

કાલોલ તાલુકાના ઘુસર ગામે ગેરકાયદેસર રીતે સાદી રેતીનું ખનન તથા વહન કરવા અને સરકારી કામગીરીમાં અડચણ ઊભી કરવા બદલ વેજલપુર પોલીસે કડક કાર્યવાહી કરી છે.

ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ વેજલપુર પોલીસ ઈન્સ્પેક્ટર જી.કે. વહુનિયા દ્વારા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. વેજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ૨ ગુન્હાઓના આધારે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૫૬(ખ) હેઠળ આ દરખાસ્ત મોકલવામાં આવી હતી.

ગોધરા પ્રાન્ત કચેરીના નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ એન.બી. મોદી દ્વારા હુકમ કરવામાં આવ્યો છે.



જેમાં વિક્રમભાઈ જોગાભાઈ ભરવાડ (ઉ.વ. ૩૧)

રહેઠાણ: નિશાળ ફળીયુ, ગામ- ઘુસર, તા. કાલોલ, જી. પંચમહાલ ને પંચમહાલ, મહીસાગર, દાહોદ, વડોદરા શહેર, વડોદરા ગ્રામ્ય, ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાંથી બે વર્ષ માટે હદપાર કરવામાં આવ્યા છે. હુકમના આધારે વેજલપુર પોલીસ સ્ટાફે વિક્રમ ભરવાડને બોટાદ જિલ્લા ખાતે મોકલી આપવામાં આવેલ છે.

---

**દેવગઢ બારીયામાં જુગારધામ પર એલસીબી પોલીસની રેડ**

# નાની ઝરીમાં ગંજીપત્તાથી જુગાર રમતા ૮ ઝડપાયા, ૮.૬૫ લાખનો મુદ્દામાલ જપ્ત

**પોલીસે** તમામ 8 આરોપીઓને ઝડપી લઇ કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધી) દાહોદ, તા.20

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના નાની ઝરી ગામે પોલીસે જુગારધામ પર દરોડો પાડી ગંજીપત્તાથી હારજીતનો જુગાર રમતા 8 આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસની કાર્યવાહી દરમિયાન રોકડ રકમ, મોબાઈલ ફોન અને જુગાર રમવા માટે ઉપયોગમાં લેવાયેલા 5 વાહનો સહિત કુલ 8,65,870નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ તા. 22 ઓગસ્ટની રાત્રે 11:30થી તા. 23 ઓગસ્ટના વહેલી સવારે 3 વાગ્યા દરમિયાન નાની ઝરી ગામે આરોપી ધનરાજસિંહ ચંપકસિંહ ઝાલાના રહેણાંક મકાનની બાજુમાં દીવાલને અડીને બનાવેલા ઢાળિયામાં જુગાર રમાતો હતો. આરોપી ધનરાજસિંહે પોતાના આર્થિક લાભ માટે અન્ય આરોપીઓને બહારથી બોલાવી ગંજીપત્તાથી હારજીતનો જુગાર



રમાડતા હતા દરોડા દરમિયાન આરોપીઓની અંગઝડતીમાંથી 65,000, દાવ પરથી 20,570 તથા નાળના 20,000 મળી કુલ 1,05,570 રોકડ રકમ મળી આવી હતી. ઉપરાંત 8 મોબાઈલ ફોન કિંમત 80,000, 104 પત્તા, જુગાર રમવા માટે ઉપયોગમાં લેવાયેલા 5 વાહનો કિંમત 6.80 લાખ તથા ચટાઈ સહિત કુલ 8,65,870નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે તમામ 8 આરોપીઓને ઝડપી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

---

**મસમોટા ખાડાઓથી વાહનચાલકો પરેશાન**

# છોટાઉદેપુરથી દેવગઢ બારીયા મુખ્ય માર્ગ પર ઠેરઠેર ખાડાઓનુ સામ્રાજ્ય

વરસાદમાં બિસમાર થયેલા માર્ગોનુ સમારકામ કરાવવા લોકમાંગ ઉઠી

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.23

છોટાઉદેપુરથી ઝોઝ વચ્ચેના સ્ટેટ હાઈવે પર ઠેરઠેર મોટા ખાડાઓ પડી જતા વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. મુખ્ય માર્ગ પર પડેલા ખાડાઓના કારણે વાહનચાલકોને ખાડા ટાળીને વાહન ચલાવવાની ફરજ પડી રહી છે, જેના કારણે અકસ્માતનો ભય પણ ઉભો થયો છે. રસ્તાની બિસ્માર હાલતને લઈને વાહનચાલકોમાં તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે. વાહનચાલકો દ્વારા માર્ગ પર તાત્કાલિક ખાડા પુરવાની



કામગીરી હાથ ધરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ મામલે પત્રકાર દ્વારા પણ સંબંધિત તંત્ર સમક્ષ ફરિયાદ કરવામાં આવી છે.

ફરિયાદના જવાબમાં જણાવાયું છે કે, 23 ઓગસ્ટ 2026ના રોજ કવાંટ-છોટાઉદેપુર-દેવગઢ બારીયા વિસ્તારને લગતી ફરિયાદ પ્રાપ્ત થઈ છે અને સમસ્યાનું નિરાકરણ થતાં જાણ કરવામાં આવશે. હવે જોવાનું એ રહ્યું કે, તંત્ર દ્વારા માર્ગની ગંભીર સમસ્યાનું ક્યારે નિરાકરણ લાવવામાં આવે છે અને વાહનચાલકોને ખાડાઓમાંથી ક્યારે રાહત મળે છે. તંત્ર દ્વારા વહેલી તકે માર્ગની મરામત કરી ખાડા પુરવામાં આવે તેવી વાહનચાલકોની માંગ છે.

---

**દ્વારકેશલાલજી મહારાજશ્રીનું વિશિષ્ટ બહુમાન**

# બોડેલીમાં વૈષ્ણવ યુવા સંગઠન દ્વારા ૨૮મો 'તેજસ્વી તારલા સન્માન સમારોહ'

(પ્રતિનિધી) બોડેલી, તા.20

અહીંના દ્વારકાધીશ મંદિરના સત્સંગ હોલ ખાતે વૈષ્ણવ યુવા સંગઠન (વિપો) બોડેલી દ્વારા ૨૮મો 'તેજસ્વી તારલા સન્માન સમારોહ' અત્યંત ભવ્યતા અને ઉત્સાહભેર યોજાઈ ગયો હતો. આ કાર્યક્રમ સંગઠનના પ્રેરક માર્ગદર્શક અને અધ્યક્ષ પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી દ્વારકેશ લાલજી મહારાજની પાવન નિશ્રામાં યોજાયો હતો. જેમાં બોડેલી તથા આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં વૈષ્ણવ જનો ઉપસ્થિત રહ્યા હતા. ૫૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાયા




સમારોહ દરમિયાન ધોરણ ૧ થી લઈને કોલેજ સુધીના અભ્યાસક્રમોમાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવનાર ૫૦થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ, મેડલ અને સર્ટિફિકેટ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

---

**રણધીકપુર પોલીસે વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો**

# દાહોદના સુડીયા ગામે ૨.૬૩ લાખનો દારૂ ભરેલી ઈકો સાથે એક ઝડપાયો

(પ્રતિનિધી) સિંગવડ, તા.20

દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના સુડીયા ગામેથી વિદેશી દારૂની મોટી હેરાફેરી ઝડપાઈ છે. રણધીકપુર પોલીસે તળાવ ફળિયામાંથી કુલ રૂ. 2,63,256 નો દારૂ અને એક ઈકો ગાડી જપ્ત કરી છે. આ કાર્યવાહીમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય એક ફરાર થઈ ગયો છે. પોલીસને મળેલી બાતમીના આધારે, ઈકો ગાડી (રજી.નંબર GJ 01 KX 3212) માંથી ભારતીય બનાવટનો પરપ્રાંતીય વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેમાં



પ્લાસ્ટિક, કાચના ક્વાર્ટર અને ટીન બિયરની કુલ 11 પેટીઓ તથા છૂટી બોટલો મળીને કુલ 837 બોટલો હતી. આ દારૂનો જથ્થો 229 લિટર અને 380 મિલીનો હતો, જેની કિંમત રૂ. 1,13,256 આંકવામાં આવી છે. આ દારૂની હેરાફેરીમાં ખરવાણી, તા. ગોવિંદ ગુરુ લીમડીના દિનેશભાઈ પારસિંગભાઈ તાવિયાડ સંડોવાયેલા હતા, જેઓ પોતાની ઈકો ગાડીમાં દારૂ ભરીને લાવ્યા હતા. સુડીયા, તળાવ ફળિયાના ચેતનભાઈ સૂરપાળભાઈ જાતે નીસરતાના ઘરની બાજુમાં અને તેમના ખેતરમાં આ દારૂની પેટીઓ ઉતારવામાં આવી હતી. પોલીસે ચેતનભાઈ સૂરપાળભાઈને ઝડપી પાડ્યા છે, જ્યારે દિનેશભાઈ તાવિયાડ પોતાની ગાડી મૂકીને નાસી છૂટ્યા હતા. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત રૂ. 1,50,000 ની કિંમતની ઈકો ગાડી (GJ 01 KX 3212) પણ જપ્ત કરી છે.

---

### બામણગામ પાસે ગમખ્વાર અકસ્માતમાં ૧નુ મોત

કરજણ : કરજણ તાલુકાના બામણગામ નજીક નેશનલ હાઈવે-48 પર અજાણ્યા વાહનની ટક્કરે રિક્ષા પલટી મારી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં રિક્ષામાં સવાર એક મહિલાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી હતી. મળતી માહિતી મુજબ, રિક્ષાને અજાણ્યા વાહને ટક્કર મારતા રિક્ષા પલટી ગઈ હતી. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. મૃતક મહિલાની ઓળખ પિન્કીબેન મનોજભાઈ સોલંકી મૂળ કરજણ તાલુકાના વિરજય ગામના વતની હતા અને હાલ ભરૂચના ચાવજ ગામે રહેતા હોવાનું જાણવા મળ્યું છે.

---

**ભાવનગર લઠ્ઠાકાંડની અસર : દાહોદ જિલ્લા પોલીસ તંત્ર સક્રિય**

# દાહોદ જિલ્લાની સરહદી ચેકપોસ્ટ પર સઘન ચેકિંગ હાથ ધરાયું

જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ આ સ્પેશિયલ ડ્રાઈવ

(પ્રતિનિધી) ફતેપુરા, તા.23

ભાવનગર લઠ્ઠાકાંડની ગંભીર ઘટના બાદ દાહોદ જિલ્લા પોલીસ તંત્ર સક્રિય બન્યું છે. રાજ્યમાં ગેરકાયદેસર કેફી દ્રવ્યો અને વિદેશી દારૂના પ્રવેશને રોકવા માટે પોલીસે આંતરરાજ્ય સરહદો પર કડક નાકાબંધી અને સઘન વાહન ચેકિંગ શરૂ કર્યું છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યમાંથી ગુજરાતમાં પ્રવેશતા તમામ માર્ગો પર સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. સરહદ પારથી આવતા નાના-મોટા વાહનો, ખાનગી લક્ઝરી



બસો તેમજ શંકાસ્પદ માલવાહક વાહનોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. આ કાર્યવાહી અંતર્ગત ખંગેલા, મીનાક્યાર, ચાકલિયા, સેજાવાડા અને સગટાળા જેવી મુખ્ય આંતરરાજ્ય ચેકપોસ્ટો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી તપાસ તેજ કરાઈ છે. જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ આ સ્પેશિયલ ડ્રાઈવનો મુખ્ય હેતુ કોઈપણ પ્રકારનો ગેરકાયદેસર દારૂ કે નશીલા પદાર્થો ગુજરાતની સીમામાં પ્રવેશી ન શકે તે તે માટે બોર્ડર ઉપર વાહન વ્યવહાર રોકાવી અંદર ચેકિંગ કરી ઝીણવટ ભરી તપાસ કરી કોઈ ગુના કોઈ પ્રવૃત્તિ ના જણાતા વાહનો જવા દેવામાં આવે છે ફતેપુરા પોલીસ આ બાબતે બહુ જ સારી કામગીરી કરી રહી છે તે સારા નિયમ બાબત છે

---

### શહેરાના લાભી નજીક ગેરકાયદેસર મહુડાના લાકડા ભરેલી ટ્રક ઝડપાઈ



ગોધરા : શહેરા તાલુકાના લાભી ગામ પાસેથી વન વિભાગની ટીમે નાકાબંધી દરમિયાન ગેરકાયદેસર રીતે વહન થતા અનામત મહુડાના લાકડા ભરેલી એક ટ્રક ઝડપી પાડી છે. પાસ કે પરમિટ વિના લાકડાની હેરાફેરી કરતા શખ્સો પાસેથી વન વિભાગે ટ્રક અને લાકડા સહિત કુલ રૂપિયા ૪,૨૦,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આર.એફ.ઓ વી. જી. ગઢવીની સૂચના અને સીધા માર્ગદર્શન હેઠળ શહેરા રાઉન્ડ સ્ટાફ દ્વારા લાભી ગામે સઘન નાકાબંધી કરવામાં આવી હતી.

---

# શિનોરના અવાખલમાં ગાંજાના જથ્થા સાથે એકની અટકાયત

(પ્રતિનિધી) શિનોર, તા.23

શિનોર પોલીસને મળેલ બાતમીનાં આધારે અવાખલ ગામમા ઝૂંપડું બાંધીને રહેતા સુરજીભાઈ ડું ભીલ પાસેથી રૂપિયા 11,650નો માદક ગાંજા સહિતનો મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે. શિનોર પોલીસનાં પી આઈ આર આર વસાવા અને સટાફ નાં માણસો ને પોલીસ પેટ્રોલિંગ દરમિયાન અવાખલ ગામે ઝૂપડામા રેહતા સુરજીભાઈ ગાંજા નુ વેચાણ કરતા હોવાની બાતમી મળી હતી. તેના આધારે તારીખ 23 ઓગસ્ટ વહેલી સવારના 4:35 વાગે અવાખલ મુકામે દેસાઈ ફળિયામાં રહેતા આરોપી સુરજીભાઈ નારીયાભાઈ ડુ ભીલ ઉ.વ. 43 મૂળ રહેવાસી છલવાંટા, પોસ્ટ લાવાકુઈ, તાલુકો નસવાડી અને જિલ્લો છોટાઉદેપુરના ઘરે તપાસ કરતાં



ઝુંપડામાં ગેરકાયદેસર રીતે પાસ પરમિટ વગરનો નશાકારક વનસ્પતિ જન્ય ભેજવાળો માદક પદાર્થ ગાંજો ઝડપાયો હતો ,જેનું કુલ વજન આશરે 232 ગ્રામ અને તની કિંમત 11,600 નો મુદ્દામાલ ઝડપાઈ ગયો હતો. રૂપિયા 50 રોકડા મળ્યા હતા ,આમ 11,650નો મુદ્દામાલ જપ્ત કરી ને આરોપી સામે ધી NDPS એક્ટ (1985) ની કલમ 8(C) 20 (B) 2(A) મુજબ ગુનો દાખલ કરેલ છે. જેની તપાસ પો.સ.ઈ. એચ.બી. મકવાણા કરી રહ્યા છે.